

# બાળકો માટે પૃથ્વી અંગેના હકનુ પત્રક



## એક પૃથ્વી – એક માનવ કુટુંબ

- ચાલો આપણે પૃથ્વીને પ્રેમ અને દયા થકી બચાવવા માટે હાથ મેળવીએ.
- જીવન માત્ર પવિત્ર છે.
- કુદરતે આપણને ઘણુજ આપ્યુ છે હવે આપણો વારો છે.



CLEAN-India

## 1. પૃથ્વી અને જીવનને આદર આપીએ




- જીવ માત્રને ઓળખીએ, માન આપીએ અને તેની સાથે સૂમેળથી રહીએ કારણ કે આપણે સૌ એકાબીજા પર પરાવલંબી છીએ.
- પ્રતિભાવંત માનવતા અને આધ્યાત્મમા શ્રધ્ધા રાખીએ.

## 2. જીંદગી ની સંભાળ રાખીએ



- કુદરતના સર્વ જીવોના હકકો નુ રક્ષણ કરીએ.
    - સમાજ પ્રત્યે સદભાવના કેળવીએ.

## 3. શાંત, પ્રગતીશીલ અને સહભાગીદારી યુકત સમાજ ની રચના કરીએ.




- સમાજના નબળા વર્ગો ને મદદ કરીએ અને તેઓને માટે નીરંતર આજીવીકા નું સર્જન કરીએ.
- સ્ત્રી અને પૂરૂષ ને સમાન દરજજો આપીએ.
- પ્રત્યેક વ્યકિતને વ્યકિતગત વિકાસ માટે સમાન તક પુરી પાડીએ.

## 4. ઉજજવળ ભવિષ્ય માટે પૃથ્વીનુ જતન કરીએ




- આજ અને આવતીકાલને સક્ષમ બનાવવા માટે કૃતનિશ્ચયી બનીએ.
- રૂઢીગત સાંસ્કૃતિક વારસાનુ જતન કરી તેને આવનારી પેઢીની સુખ શાંતી માટે આગળ ધપાવીએ.

## 5.સ્થિર જીવન માટે પ્રકૃતિનુ જતન અને સંવર્ધન કરીએ



- જૈવીક વિવિધતાનુ  જતન કરીએ.
- નીરંતર વિકાસ તરફ દોરતી પ્રવૃતિઓ કરીએ.
- પર્યાવરણ ને નુકશાન કારક વૃક્ષો અને પ્રાણીઓ પર થતા કૃત્રિમ જનીનીક  ફેરફાર સામે અવાજ ઉઠાવીએ.
- જળ, જમીન, જંગલ અને પુનઃપ્રાપ્ય સાધનસંપતી નો વિવેક પુર્ણ ઉપયોગ કરીએ.

## 6. પર્યાવરણને નુકશાન ન કરીએ



- પૃથ્વીને નુકસાન થતુ અટકાવવા હાથ મીલાવીએ અને બદલાવના ઉદીપક તરીકે કાર્ય કરીએ
- અગમચેતી એ સારવાર કરતા ઉતમ છે
- પર્યાવરણીય નુકસાન અટકાવા વૈજ્ઞાનિક અભિગમ અપનાવીએ
    - લોકો તેમના કાર્યો માટે જવાબદાર છે.

CLEAN-India

## 7. પૃથ્વી ને બચાવવા સારૂ ઉત્પાદન, વપરાસ અને પુનઃઉત્પાદનની પધ્ધતિઓ અપનાવવી




- બગાડ અટકાવીએ અને પુનઃઉપયોગ / પુનઃઉત્પાદનના વિકાસને પ્રોત્સાહન આપીએ.
- પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો અને પર્યાવરણ સાથે સુમેળ ધરાવતી સાધન સામગ્રી નો ઉપયોગ કરીએ.
- સેવા અને વસ્તુઓની પર્યાવરણીય અને સામાજીક કીંમત સમજીએ.

## 8. પ્રાકૃતિક નિરંતરતા અંગેનો અભ્યાસ અધ્યતન બનાવી જ્ઞાનનો ફેલાવો કરીએ.



- અસ્તિત્વનો સંદેશો ફેલાવવા સમાન વિચારધારા ધરાવતા લોકોનુ જોડાણ કરીએ.

CLEAN-India

- રૂઢીગત સંસ્કૃતિ અને જ્ઞાનનુ પુનરૂથ્થાન કરીએ.
- પર્યાવરણની ગુણવતતા તથા તેની જાળવણી, રક્ષણ અને પુનરૂથ્થાન ની પધ્ધતિઓ અંગે લોકોને જાગૃત કરીએ.

## 9. ગરીબી નાબુદ કરવી




- ગરીબોનુ જીવન સુધારવા તેમને મદદરૂપ બનીએ.
- સ્વચ્છ હવા, પાણી ,પોષક આહાર, આરોગ્ય વિષયક સુવિધાઓ અને નીવાસ સ્થાન અંગેના હકોની જાગૃતિ કેળવીએ.
- જરૂરીયતમંદ લોકોને આધાર આપી તેમનુ જીવન ધોરણ સધ્ધર બનાવવા મદદ કરએ.

CLEAN-India

## 10. આર્થીક પ્રવૃતિઓ પ્રત્યેકને સમાન ધોરણે નીરંતર લાભદાયી બની રહો



- સાધન–સંપતીની રાષ્ટ્રો વચ્ચે સમાન ધોરણે વહેચણી આવકારીએ.
- ઔદ્યોગીક ગૃહોને તેમની સામાજીક જવાબદારીનો અહેસાસ કરાવી મજુરોને યોગ્ય વેતન અપાવીએ.

## 11. જાતિય સમાનતાના ખ્યાલને સ્વિકારીએ અને પ્રત્યેક માટે શિક્ષણ , સ્વાસ્થ્ય અને રોજગારીની તક પુરી પાડીએ




- જાતિય ભેદભાવ અટકાવીએ.
- નારીને શિક્ષીત અને સશકત બનાવીએ.
  - રાષ્ટ્રના ગૌરવપૂર્ણ નાગરીક બનીએ.

CLEAN-India

## 12. પ્રત્યેકના હકોનુ સમર્થન કરીએ ખાસ કરીને ગ્રામ્ય અને લઘુમતીજૂથના લોકો



- માનવમાત્ર સમાન હકને યોગ્ય છે પછી ભલે તે વિવિધ જાતિ, ધર્મ, પંથ કે વર્ણ ધરાવતા હોય.
- સક્ષમ સમાજની રચના માટે આપણી વ્યકિતગત ભૂમિકા સમજીએ.
- ધાર્મીક અને સાંસ્કૃતિક વારસાગત સ્થળોનુ જતન અને સંવર્ધન કરીએ.

CLEAN-India

## 13. લોકશાહી ને મજબુત બનાવવા લોકોને નીર્ણય પ્રક્રિયામા સામેલ કરી યોગ્ય ન્યાય આપવીએ




- લાંચ રૂશ્વતથી દૂર રહી સરકારી અધિકારીગણ અને સ્થાનીક લોક ભાગીદારીથી  પર્યાવરણ સુધારણા અંગે કાર્ય કરીએ.
- પર્યાવરણીય કાયદા કાનુનોનુ મહત્વ સમજી તેનુ પાલન કરીએ.
- પર્યાવરણ અંગે જાહેર સભા કે ચર્ચામા ભાગ લઈ તે અંગેની યોગ્ય માહિતી લોકો સુધી પહોચાડીએ.

## 14. જ્ઞાન, મૂલ્ય, આવડત અને અનુભવ ને જીવનશિક્ષણના

CLEAN-India

ભાગ રૂપે ગ્રહણ કરીએ




- પ્રત્યેકને શિક્ષણની તક પૂરી પાડીએ.
- સમૂહ માધ્યમની મદદથી સામાજીક પર્યાવરણીય સમસ્યા અંગે લોકજાગૃતિ કેળવીએ.
- વડીલોના આધ્યાત્મીક અને નીતિમૂલ્ય જીવન અનુભવોને પ્રગતીશીલ જીવન માટે ગ્રહણ કરીએ.

## **15.** પ્રત્યેક જીવ સાથે આદર તેમજ લાગણીસભર વર્તન કરીએ



- પ્રાણીઓ પર થતી કૃરતા અટકાવીએ અને તેની સંભાળ લઈએ.
- અસ્તિત્વથી ભયગ્રસ્ત જીવોનુ રક્ષણ કરીએ, તે પણ વસુધૈવ કુટુંબનો એક હીસ્સો છે.

## 16. શાંત, અહીંસક અને સહનશીલ સંસ્કૃતીનુ જતન કરીએ




- હથીયારોની હરીફાઈને અટકાવીએ.
- પર્યાયરણીય સંઘર્ષનો ઉકેલ લાવી, એકબીજાના પ્રગતીશીલ ભવિષ્ય માટેની આકાંક્ષાઓ પરીપૂર્ણ કરવા સંગઠીત બનીએ.

આપણે વિશ્વ જોડાણની
જવાબદારી સ્વીકારીએ
અન્યથા વધુ એક વિશ્વ
વિગ્રહ માટે આપણે
જવાબદાર ઠરીશું.
– ફ્રેંકલીન ડી. રૂઝવેલ્ટ

CLEAN-India

# <u>યાદ રાખો</u>

"સંગઠન થી સશકત બનીશુ, વિઘટનથી નીર્બળ બનીશું "



**CLEAN-India**
111/9-Z, Kishan Garh, Vasant Kunj,
New Delhi – 110 070, INDIA
Email : cleanindia@devalt.org
URL : http://www.devalt.org
www.cleanindia.org